અપીલ અરજી નં.૩૯૧ તા.૪–૨–૧૦

અરજદારઃ શ્રી હરીશભાઈ નગીનભાઈ પટેલ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીશભાઈ નગીનભાઈ પટેલની તા.૧–૧–૧૦ ની અરજીથી (૧) સુરત મહાનગર પાલિકા ધ્વારા પાલગામ મોટીફળી અને નવિફળી વચ્ચે રસ્તાની જગ્યા મેળવવા સમયે ખુબજ કડક વલણ ગામના માણસો(રહીશો) પર કરવામાં આવેલુ અને તેમને ૨૪ કલાક નો પણ સમય કે નોટીસ આપ્યા વગર ડીમોલેશન કાર્ય હાથ ધરવામાં આવેલ હતું કરવા મા આવેલ રસ્તા માં અગવડરૂપ ટાટા ટેલીકોમ મોબાઈલ ટાવર કં઼ુ ને કેમ આટલો બધો સમય આપવામાં આવે છે તે ખસેડવામા કેમ નથી આવતો તે બાબત વિ. મુદ્દા નં. ૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૯૧/૨૦૦૯–૧૦

શ્રી હરીશભાઈ નગીનભાઈ પટેલની તા.૧–૧–૧૦ ની અરજીથી (૧) સુરત મહાનગર પાલિકા ધ્વારા પાલગામ મોટીફળી અને નવિફળી વચ્ચે રસ્તાની જગ્યા મેળવવા સમયે ખુબજ કડક વલણ ગામના માણસો(રહીશો) પર કરવામાં આવેલુ અને તેમને ૨૪ કલાક નો પણ સમય કે નોટીસ આપયા વગર ડીમોલેશન કાર્ય હાથ ધરવામાં આવેલ હતું કરવામા આવેલ રસ્તા માં અગવડરૂપ ટાટા ટેલીકોમ મોબાઈલ ટાવર કં઼ુ ને કેમ આટલો બધો સમય આપવામાં આવે છે તે ખસેડવામા કેમ નથી આવતો તે બાબત વિ. મુદ્દા નં. ૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાં દેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આ./૬૨૩ તા.૨૦–૧–૧૦, વેસ્ટઝોન/આ./૬૨૪ તા.૨૦–૧–૧૦, વેસ્ટઝોન/આ./ ૬૩૪તા.૨૫–૧–૧૦,વેસ્ટઝોન/આ./૬૩૫ તા.૨૫–૧–૧૦, થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ નો જવાબ આપેલ ન હોવાનું તથા બાકીના જવાબ ઉધ્ધત્તાઈ ભરેલ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૧૨૯૫ તા.૧૫–૨–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૭૩૯ તા.૨૬–૨–૧૦થી માહિતી આપવામાં આવેલ જેમાં અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આ./૬૨૩ તા.૨૦–૧–૧૦ થી મુદ્દા નં .૨ ની આપેલ માહિતીના પત્રની નકલ,પત્ર નં.વેસ્ટઝોન/આ./૬૨૪ તા.૨૦–૧–૧૦ થી મુદ્દા નં.૨ ની આપેલ માહિતીના પત્રની નકલ,પત્ર નં.વેસ્ટઝોન/આ./૬૩૪ તા.૨૫–૧–૧૦ થી મુદ્દા નં.૩,૫,૬ ની આપેલ માહિતીના પત્રની નકલ, પત્ર નં. વેસ્ટઝોન/ આ./૬૩૫ તા.૨૦–૧–૧૦ થી મુદ્દા નં.૪ ની આપેલ માહિતીના પત્રની નકલ, મોકલવામાં આવેલ.

અરજદારે તા.૧–૧–૧૦ ની અરજીથી (૧) સુરત મહાનગર પાલિકા ધ્વારા પાલગામ મોટીફળી અને નવિફળી વચ્ચે રસ્તાની જગ્યા મેળવવા સમયે ખુબજ કડક વલણ ગામના માણસો(રહીશો) પર કરવામાં આવેલુ અને તેમને ૨૪ કલાક નો પણ સમય કે નોટીસ આપયા વગર ડીમોલેશન કાર્ય હાથ ધરવામાં આવેલ હતું કરવા મા આવેલ રસ્તા માં અગવડરૂપ ટાટા ટેલીકોમ મોબાઈલ ટાવર કં઼ુ ને કેમ આટલો બધો સમય આપવામાં આવે છે તે ખસેડવામા કેમ નથી આવતો તે બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપેલ હોવાનું જણાયેલ નથી. (૨) પાલગામ મોટીફળી અને નવિફળી વચ્ચે રસ્તો આવેલ છે, જે ડીમોલેશન બાદ શા માટે સાફ કરવામાં આવેલ નથી, તે રસ્તામાં સુરત મહાનગરપાલિકા તરફથી રસ્તા અને લાઈટની સગવડ શા માટે કરી આપવામાં આવેલ નથી, કયા કારણથી આ સગવડથી વંચીત રાખવામાં આવેલ છે અને કેટલા સમય માં આ બન્ને સેવાઓ આપવામાં આવશે તે જણાવવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પાલગામ મોટીફળી અને નવિફળી વચ્ચેના રસ્તાને ડીમોલીશન કર્યા બાદ વધારાની માટી/છારૂ ઉપાડી લઈ લેવલ કરવામાં આવેલ હતો સદર રસ્તાને મે.ગ્રા. કરવાના કામના અંદાજો જા.બા.સ. ના ઠરાવ નં.૫૩૬/૨૦૦૮, તા.૨૩–૬–૦૮ થી મંજુર કરવામાં આવેલછે. પરંતુ ત્યારબાદ આ રસ્તા પર ડ્રેનેજ લાઈન નાંખવાની હોવાથી રસ્તો બનાવવાની કામગીરી બાકી રાખવામાં આવેલ હતી. હાલમાં આ રસ્તા પર ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી પૂર્ણ થયેલ છે. પરંતુ સ્ટ્રીટ લાઈટની કામગીરી બાકી હોવાથી, સ્ટ્રીટ લાઈટની કામગરી પૂર્ણ થયેથી રસ્તાની કામગીરી હાથ ધરવામાં આવશે. (૩) સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ લેખીત આઉટવર્ડ નં.૩૧૯ તા.૨૭–૨–૦૯ રોજ જણાવ્યા મુજબ (કાર્યપાલક ઈજનેર શ્રી આર.વી.ગામીત) તરફથી ટાટા ટેલીકોમ કં઼ુ (મોબાઈલ ટાવર કં઼ુ) ને આપેલ ક્રમાંક નં.૧૭૩ (તા.૧૫–૫–૦૮) ૨૪૩ (તા.૩–૬–૦૮) અને ક્રમાંક નં.૧૪૬૯ (તા.૧૯–૨–૨૦૦૯) ના રોજ આપેલ ચેતવણી કેમ ખોખલી લાગે છે. આ બાબતે મહાનગરપાલિકા તરફથી કેમ કડક વલણ અપનાવતા નથી, આપેલ આખરી મુદત વિતી ગયેલ તેના વિરોધમાં કોઈ કાર્યવાહી કેમ થઈ નથી, અને જો કોઈ કાર્યવાહી થઈ હોય, તો તેની વિગત જણાવવા બાબત. જેના અનુસં ધાને જાહેર માહિતી અધિકારી તરફથી પાલગામ મોટીફળી અને નવિફળી વચ્ચે આવેલ ટાટા ટેલીસર્વિસીસ લિ. કંપનીનાં મોબાઈલ ટાવરની આપના તરફથી થયેલ રજુઆત મુજબ પત્ર નં.૧૭૩ તા. ૧૫–૫–૦૮ પછી પશ્ચિમઝોન કચેરીએ કડક વલણ અપનાવી તા.૪–૬–૦૮ ના રોજ સ્થળ પર જઈને સીલ મારેલ. જેના જવાબમાં અરજદારશ્રી ટાટા ટેલીસર્વિસીસ

ે પત્ર ક્રમાંક નં.૨૧૭૮ તા.૫–૬–૦૮ ના રોજ બાંહેધરી પત્ર રજુ કરીને પત્રક્રમાંક નં.૮૪૮ તા.૧૭–૧૦–૦૮ થી એન.ઓ. સી. મેળવેલ. પરંતુ ગ્રામજનોના ઉગ્ર વિરોધના પગલે તા.૨૩–૧–૦૯ ના પત્ર નં.૧૨૮૫ થી સખત પગલા રૂપે એન.ઓ.સી. રદ કરવામાં આવેલ. ત્યારબાદ પશ્ચિમઝોન કચેરી પત્ર નં.૩૬૨૬ તા.૩૧–૩–૦૯ થી નોટીસ આપેલ. આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે. (૪) સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેરને ટાટા ટેલીકોમ મોબાઈલ ટાવર કુ. ના ટાવર કબજે કરી તેની બાકી વેરાની રકમ ઉઘરાવવા ની સત્તા છે કે કેમ? જો આ તેમની સત્તામાં આવતુ હોય તો તેનો ઉપયોગ આજદિન સુધી શા માટે કરવામાં આવેલ નથી. તે જણાવવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પાલગામ મોટીફળી પાસે આવેલ ટાટા ટેલીકોમ મોબાઈલ કુ.ના ટાવરનો વેરો ટેના.નં.૯૨એ–૦૧– ૧૦૨૬'– ૦–૦૦૦ પર લેવામાં આવે છે. જેમાં કંપનીએ ૨૦૦૮–૦૯ ના વર્ષના વેરા પેટે રૂા.૨૮૭૨૪૩/– ભરેલ છે. જયારે ચાલુ વર્ષના વેરાની વસુલાત માટે કંપનીને ટાંચનું વોરંટ તા.૨–૧–૧૦ ના રોજ બજાવવામાં આવેલ છે. જેના પુરાવાની નકલ પાના દીઠ રૂા.૨/–ની ફી ભર્યેથી અત્રેથી મળી શકશે. (૫) સુરત મહાનગરપાલિકા ધ્વારા (કાર્યપાલક ઈજનેર) તરફથી અથવા અન્ય તરફથી ટાટા ટેલીકોમ મોબાઈલ ટાવર કુ.ને ઉપર આપેલ ક્રમાંક સિવાય અન્ય લેખીત પત્ર આપેલ હોય તો તેની પ્રમાણીત નકલ આપશોજી, જેનો વહીવટી ખર્ચ અમો આપવા રાજી છીએ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા અત્રેની પશ્ચિમઝોન કચેરી પત્ર નં.૩૬૨૬ તા.૩૧–૩–૦૯ થી નોટીસ આપેલ છે. જેની નકલ રૂા.૨/– ભર્યેથી મળી શકશે. (૬) ટાટા મોબાઈલ ટાવર કુ. એ તા.૮–૫–૦૯ ના રોજ બાંહેધરી કરાર થી ૬૦ દિવસમાં ટાવર ખસેડી લેવા બાંહેધરી આપવામાં આવેલ છે જેની મુદત પુર્ણ થયાને પણ ૫ માસથી પણ વધુ સમય થયેલ હોવા છતા આજ દિન સુધી ટાવર ખસેડવાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેની સામે આપના ધ્વારા શા માટે ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે. અને માહિતી આપની પાસે ઉપલબ્ધ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧ની માહિતીનો કોઈ જવાબ આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૨ માહિતીના જવાબમાં જણાવ્યુ કે માટી/છારૂ ઉપાડી લઈ લેવલ કરવામાં આવેલ હતો પરંતુ સ્થળ પર લેવલીંગ કરવામાં આવ્યુ નથી. મુદ્દા નં.૩,૪,૬, ની માહિતીનો જવાબ ઉધ્ધતાઈ ભરેલ આપેલ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ.

સમગ્ર હકીકત જોતાં વિસ્તારની સામાન્યતા ધરાવતી બાબતે કાર્યવાહી નિકાલ સમય અવધિમાં તફાવત હોવાના કારણસર અરજદારે મુદ્દા નં.૧ ની માહિતિ માંગેલ જણાય છે જે મળેલ નથી. બાકીના મુદ્દાઓ અંગે જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ માહિતી આપ્યાનું જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની નહીં પુરી પડાયેલ દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

અરજીના બાકી મૃદ્દાઓ અંગે અરજદારની તકરારના સમર્થનમાં કોઈ અલગ રજુઆત કે સમર્થન ન હોઈ તેટલા પુરતી અપીલ ગ્રાહય રાખવા પાત્ર થતી નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હરીશભાઈ નગીનભાઈ પટેલ